ચાકુ હુમલા બાદ બેલફાસ્ટમાં ઇમિગ્રેશન વિરોધી હિંસક દેખાવો

યુકેમાં છેલ્લા કેટલાક સમયથી ઇમિગ્રેશનનો મુદ્દો રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ બન્યો છે

બેલફાસ્ટ, તા. 10: ઉત્તર આયર્લેન્ડની રાજધાની બેલફાસ્ટમાં ચાકુ હુમલાની ઘટના બાદ ઇમિગ્રેશન વિરોધી દેખાવો હિંસક બન્યા હતા.

મંગળવારે સાંજે સેંકડો પ્રદર્શનકારીઓ, જેમાંથી ઘણા લોકોએ ચહેરા ઢાંક્યા હતા, શહેરના વિવિધ વિસ્તારોમાં એકત્ર થયા હતા. દરમિયાન એક બસ અને અનેક કારોને આગ ચાંપી દેવામાં આવી હતી, જ્યારે શહેરના કેન્દ્ર નજીક આવેલી એક ઇમારતમાં પણ આગ લાગી હતી, જેના કારણે રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસ હેલિકોપ્ટર દ્વારા શહેર પર સતત નજર રાખવામાં આવી હતી અને અનેક દુકાનો સમય પહેલાં બંધ કરી દેવામાં આવી હતી. બ્રિટેનના વડા પ્રધાન કીર સ્ટામરે સોમવારે રાત્રે ઉત્તર બેલફાસ્ટમાં થયેલા ચાકુ હુમલાને 'આઘાતજનક' ગણાવ્યો હતો.

યુકેમાં છેલ્લા કેટલાક સમયથી ઇમિગ્રેશનનો મુદ્દો રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ બન્યો છે. આશ્રય નીતિના કારણે જોખમી તત્વો દેશમાં પ્રવેશી રહ્યા હોવાના આરોપો સાથે વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ગયા વર્ષે પણ ઉત્તર આયર્લેન્ડમાં કથિત જાતીય શોષણની ઘટનાને લઈને ઇમિગ્રેશન વિરોધી રમખાણો થયા હતા.

ઉત્તર આયર્લેન્ડના રાજકીય નેતાઓ અને પોલીસ વડાએ લોકોને કોઈ ચોક્કસ સમુદાયને નિશાન ન બનાવવા તેમજ દ્વેષ અને ભય ફેલાવવાથી દૂર રહેવાની અપીલ કરી છે.

અમેરિકન સૈનિકોના બચાવમાં ઉપયોગમાં આવેલી ડ્રોન બોટનો ભારત સાથે સંબંધ

ડ્રોન બોટની કંપનીના સહ-સ્થાપકોમાં ભારતીય મૂળના અમેરિકન એન્જિનિયર વિભાવ અલ્તેકરનો પણ સમાવેશ થાય છે

વિભાવ અલ્તેકર સ્વચાલિત સિસ્ટમો, મશીન લર્નિંગ અને સમુદ્રી ટેક્નોલોજીના ક્ષેત્રમાં નિષ્ણાત છે

વોશિંગ્ટન, તા. 10 (પીટીઆઈ): અમેરિકન સેનાના અપાચે હેલિકોપ્ટર હોર્મુઝની ખાડી નજીક દુર્ઘટનાગ્રસ્ત થતાં તેના બે ક્રૂ સભ્યોને સફળતાપૂર્વક બચાવવામાં આવ્યા હતા. આ બચાવ કામગીરી માટે 'કોર્સેર' નામની સ્વચાલિત ડ્રોન બોટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેને ટેક્સાસ સ્થિત સેરોનિક ટેક્નોલોજીઝ કંપનીએ વિકસાવી છે. આ કંપનીના સહ-સ્થાપકોમાં ભારતીય મૂળના અમેરિકન એન્જિનિયર વિભાવ અલ્તેકરનો પણ સમાવેશ થાય છે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, અમેરિકન સશસ્ત્ર દળો દ્વારા સ્વચાલિત સપાટી જહાજ મારફતે હાથ ધરાયેલી આ પ્રથમ બચાવ કામગીરી હતી. માનવ ઓપરેટર દ્વારા દૂરથી સંચાલિત આ ડ્રોન બોટ સમુદ્રમાં જોખમી પરિસ્થિતિઓમાં કામગીરી માટે તૈયાર કરવામાં આવી છે.

24 ફૂટ લાંબી કોર્સેર ડીઝલ ઇંધણથી સંચાલિત છે અને 35 નોટ્સ સુધીની ઝડપે દોડી શકે છે. તે 1,000 પાઉન્ડ સુધીનો ભાર વહન કરી શકે છે તેમજ 1,000 કરતાં વધુ નોટિકલ માઈલનું અંતર કાપવાની ક્ષમતા ધરાવે છે. સેરોનિક ટેક્નોલોજીઝને અમેરિકી નૌકાદળ તરફથી સ્વચાલિત જહાજોના ઉત્પાદન માટે 392 મિલિયન ડોલરનો કરાર પણ મળ્યો છે. સપ્ટેમ્બર 2022માં સ્થાપિત કંપનીના મુખ્ય ટેક્નોલોજી અધિકારી વિભાવ અલ્તેકર કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી ચૂક્યા છે. તેઓ સ્વચાલિત સિસ્ટમો, મશીન લર્નિંગ અને સમુદ્રી ટેક્નોલોજીના ક્ષેત્રમાં નિષ્ણાત ગણાય છે અને અમેરિકી સંરક્ષણ ટેક્નોલોજીના વિકાસમાં મહત્વનું યોગદાન આપી ચૂક્યા છે.

પેજ 3

દિગ્ગજ ફિલ્મ-નિર્માતા ભારતીરાજાનું નિધન

ચેન્નાઈ, તા. ૧૦ (પીટીઆઈ) અનુભવી દિગ્દર્શક, નિર્માતા અને પટકથા લેખક પી. ભારતીરાજાનું બુધવારે અહીં ઉંમર સંબંધિત બીમારીઓના કારણે નિધન થયું હતું, તેઓ પોતાની પાછળ ફિલ્મ નિર્માણનો એક સમૃદ્ધ વારસો છોડી ગયા છે જેણે તમિલ સિનેમામાં સ્ટુડિયો-થી-ગામડા તરફનું પરિવર્તન જોયું હતું.

કૌટુંબિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ૮૪ વર્ષીય પદ્મશ્રી પુરસ્કાર વિજેતાનું લાંબા સમયથી ઉંમર સંબંધિત બીમારીઓ સામે ઝઝૂમ્યા બાદ તેમના શહેર સ્થિત નિવાસે નિધન થયું હતું. ભારતીરાજાના પરિવારમાં પત્ની ચંદ્રલીલા અને પુત્રી જનની છે.

મુખ્યમંત્રી સી. જોસેફ વિજય, જેઓ ખુદ તમિલ ફિલ્મોના ટોચના સ્ટાર છે, અનુભવી કલાકારો રજનીકાંત અને કમલ હાસન, જે બંનેએ ભારતીરાજાની બ્લોકબસ્ટર પ્રથમ ફિલ્મ '૧૬ વયથિનીલે' સહિતની ફિલ્મોમાં તેમની સાથે કામ કર્યું છે અને ડીએમકે પ્રમુખ એમ. કે. સ્ટાલિન સહિત અસંખ્ય હસ્તીઓ અને રાજકીય નેતાઓએ દિગ્દર્શકના નિવાસસ્થાને જઈને તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

પાન મસાલાની જાહેરાત બદલ શાહરૂખ, અજય દેવગન અને ટાઇગર શ્રોફને કોર્ટની નોટિસ

મુંબઈ, તા. 10 બોલિવૂડના પ્રખ્યાત અભિનેતા શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફ આ સમયે મુશ્કેલીઓનો સામનો કરી શકે છે. હકીકતમાં રાજસ્થાનની બારાં જિલ્લા ઉપભોક્તા કોર્ટે ગુટખા અને પાન મસાલાની જાહેરાતોને લઈને વિમલ પાન મસાલાના માલિક વિમલ અગ્રવાલ ઉપરાંત બોલિવૂડના અભિનેતા શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઇગર શ્રોફને નોટિસ ફટકારી છે. કોર્ટે તમામ પક્ષોને 9 જુલાઈના રોજ વ્યક્તિગત રીતે અથવા તો પોતાના વકીલ દ્વારા હાજર થવા આદેશ પણ આપ્યો છે.

સમગ્ર મામલો બારાં જિલ્લાની એક નાગરિક અધિકાર સંસ્થાની ફરિયાદ પર નોંધાયો છે. ફરિયાદકર્તા વીરેન્દ્ર સિંહ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ગુટખાની જાહેરાતમાં કેસર હોવાનો દાવો થાય છે, પરંતુ ખૂબ જ ઓછી કિંમતવાળા આ પાઉચમાં આટલું મોંઘું કેસર મળવું બિલકુલ પણ શક્ય નથી. તેમણે એમ પણ કહ્યું કે 5ના ગુટખાના પાઉચમાં 5 લાખમાં એક કિલોનું મળતું કેસર હોવાનો દાવો સંપૂર્ણ રીતે ખોટો છે.

ગ્લેમરની દુનિયા છોડી ભક્તિમાં લીન થઈ ગઈ રવીના ટંડન!

મુંબઈ, તા. 10 : સોશિયલ મીડિયા પર આ સમયે બોલિવૂડની 'મસ્ત-મસ્ત ગર્લ' કહેવાતી રવીના ટંડન ખૂબ જ ચર્ચામાં છે. હકીકતમાં તાજેતરમાં જ તેમનો એક નવો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે અને આમાં તેમનો અંદાજ જોઈને ફેન્સ તેમના વખાણ કરતા થાકતા નથી. આ વાયરલ વીડિયોમાં રવીના ટંડન ખૂબ જ સુંદર બ્લેક એન્ડ વ્હાઇટ આઉટફિટમાં જોવા મળી રહી છે, પરંતુ સૌથી વધુ ધ્યાન ખેંચનારી વાત એ છે કે, રવીનાએ ગળામાં ત્રણ લેયરવાળી પવિત્ર તુલસીની માળા પહેરેલી છે. વેસ્ટર્ન લુક સાથે તેમણે પરંપરાગત તુલસીની માળા પહેરી અને રવીનાનો આ અંદાજ ફેન્સને ખૂબ જ પસંદ આવી રહ્યો છે.

UNમાં પાકિસ્તાનની વધુ એક હાર: અમેરિકાએ ફેરવ્યું પાણી

પાકિસ્તાન અને ચીને બલોચિસ્તાન લિબરેશન આર્મી અને મજીદ બ્રિગેડને ત્રાસવાદી સંગઠન જાહેર કરવાની માગ કરી હતી

અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટેને આ મહિને આ પ્રસ્તાવને બ્લોક કર્યો છે

સંયુક્ત રાષ્ટ્ર, તા. 10 (પીટીઆઈ): અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પાકિસ્તાન અને ચીનના એ સંયુક્ત પ્રસ્તાવને રોકી દીધો છે, જેમાં બલોચિસ્તાન લિબરેશન આર્મી (BLA) અને મજીદ બ્રિગેડને આતંકવાદી સંગઠન જાહેર કરવાની માગ કરવામાં આવી હતી.

ઈસ્લામાબાદ અને બીજિંગે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં સુરક્ષા પરિષદની 1267 અલ કાયદા પ્રતિબંધ સમિતિ હેઠળ આ બંને સંગઠનોને બ્લેકલિસ્ટ કરવા માટે સંયુક્ત બિડ સબમિટ કરી હતી. જોકે, સુરક્ષા પરિષદના કાયમી અને વીટો પાવર ધરાવતા સભ્યો - અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટેને આ મહિને આ પ્રસ્તાવને બ્લોક કરી દીધો છે.

યુએનમાં પાકિસ્તાનના સ્થાયી પ્રતિનિધિ આસિમ ઇફ્તિખાર અહેમદે દાવો કર્યો હતો કે આ આતંકવાદી જૂથો અફઘાનિસ્તાનની ધરતી પરથી સરહદ પાર ઘૂસણખોરી અને હુમલાઓ કરે છે. નોંધનીય છે કે અગાઉ ચીને અવારનવાર ભારત અને અમેરિકા દ્વારા પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાના પ્રસ્તાવો પર વીટો વાપરીને રોક લગાવી છે.

અમેરિકાએ પોતે અગાઉ BLA અને મજીદ બ્રિગેડને વિદેશી આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરેલા જ છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, આ સંગઠને વર્ષ 2024માં કરાચી એરપોર્ટ અને ગ્વાદર પોર્ટ નજીક આત્મઘાતી હુમલા કર્યા હતા. તેમજ વર્ષ 2025માં ક્વેટાથી પેશાવર જતી જાફર એક્સપ્રેસ ટ્રેનનું અપહરણ કર્યું હતું, જેમાં 31 નાગરિકો અને સુરક્ષાકર્મીઓ માર્યા ગયા હતા અને 300થી વધુ મુસાફરોને બંધક બનાવવામાં આવ્યા હતા. પાકિસ્તાન હાલમાં વર્ષ 2025-26ના કાર્યકાળ માટે સુરક્ષા પરિષદમાં બિન-કાયમી સભ્ય તરીકે બેસે છે.

તાઇવાને ચીનની દિશામાં છોડ્યા રોકેટ

આ લૉંચિંગ સિસ્ટમ અમેરિકાએ જ આપી છે

તાઇચુંગ (તાઇવાન), તા. ૧૦ (એપી) તાઇવાનના સેનાએ બુધવારે 'શૂટ-એન્ડ-સ્કૂટ' (પ્રહાર કરીને તરત જ સ્થાન બદલી નાખતા) મોબાઇલ લોન્ચર્સમાંથી ચીનની દિશામાં રોકેટ છોડ્યા હતા, જે એ દર્શાવે છે કે તેઓ ચીનના હુમલાનો જવાબ કેવી રીતે આપી શકે છે.

જ્યારે અમેરિકા પાસેથી મળેલી 'હિમર્સ' સિસ્ટમનું અગાઉ પણ પરીક્ષણ કરવામાં આવ્યું છે, પરંતુ આ નવીનતમ લાઇવ-ફાયર કવાયત પ્રથમ વખત હતી જ્યારે તેના રોકેટ સાંકડી તાઇવાન સમુદ્રધૂનીના પાણીમાં છોડવામાં આવ્યા હતા, જે આ સ્વ-શાસિત ટાપુને ચીનથી અલગ કરે છે.

સેનાના સાર્જન્ટ વાંગ મિંગ-હુઇએ જણાવ્યું હતું કે, "દુશ્મનના વર્તમાન જોખમને જોતાં અમે રાષ્ટ્રના સૌથી મજબૂત સેના તરીકે તાઇવાનની રક્ષા કરવા માટે અડગ નિશ્ચય સાથે હિમર્સ તાલીમ ચાલુ રાખીશું."

સેનાએ જણાવ્યું હતું કે, તેણે ઓછી રેન્જના તાલીમ રોકેટોનો ઉપયોગ કર્યો હતો, જે દરિયાકાંઠાથી બહુ દૂર ઉડતા નથી અને પાણીમાં જ પડે છે.

ચીન તાઇવાનને એક બળવાખોર પ્રાંત તરીકે જુએ છે અને કહે છે કે, ભવિષ્યમાં તેણે તેના નિયંત્રણ હેઠળ આવવું જ પડશે. તે લગભગ દરરોજ ટાપુની નજીકના આકાશ અને પાણીમાં યુદ્ધ જહાજો અને વિમાનો મોકલે છે અને તાજેતરના વર્ષોમાં તેની આસપાસ મોટા લશ્કરી યુદ્ધાભ્યાસ હાથ ધર્યા છે. યુનાઇટેડ સ્ટેટ્સ તાઇવાનને એક દેશ તરીકે માન્યતા આપતું નથી, પરંતુ તે બળજબરીથી તેની સ્થિતિમાં કોઈપણ ફેરફારનો વિરોધ કરે છે અને તેના સંરક્ષણ માટે શસ્ત્રોનો મુખ્ય સપ્લાયર છે.

દક્ષિણ આફ્રિકામાં અંધાધૂંધ ગોળીબાર, ૧૨નાં મોત

હુમલો મંગળવારે મોડી રાત્રે જોહાનિસબર્ગના ક્લેવલેન્ડ ઉપનગરની એક ઝૂંપડપટ્ટીમાં થયો

જોહાનિસબર્ગ, તા. 10 (એપી) સશસ્ત્ર હુમલાખોરોનું એક જૂથ દક્ષિણ આફ્રિકાના સૌથી મોટા શહેર જોહાનિસબર્ગના એક ગરીબ વિસ્તારમાં વાહન ચલાવીને આવ્યું, મિનીવાનમાંથી ઉતર્યા અને રહેવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર કર્યો. જોહાનિસબર્ગમાં મોડી રાત્રે થયેલા આ હુમલામાં 12 લોકોનાં મોત થયાં છે અને ઓછામાં ઓછા નવ લોકો ઘાયલ થયા છે. એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું કે, આ હુમલો મંગળવારે મોડી રાત્રે શહેરના ક્લેવલેન્ડ ઉપનગરની એક ઝૂંપડપટ્ટીમાં થયો હતો. પોલીસે ઉમેર્યું હતું કે આમાં ઓછામાં ઓછા 10 શંકાસ્પદ હુમલાખોરો સામેલ હતા જેઓ ગોળીબાર કરીને ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા.

ખાલિસ્તાન નેશનલ આર્મી'ના નામે BMC ને ધમકીભર્યો મેઈલ

પોલીસે ગુનાહિત ધમકી આપવા બદલ અજ્ઞાત વ્યક્તિઓ સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી

મુંબઈ, તા. ૧૦ (પીટીઆઈ) બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ને બુધવારે મળેલા ઈ-મેઈલમાં કથિત રીતે ખાલિસ્તાનનો ઉલ્લેખ હતો, જેમાં મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) અને મેયરની ઓફિસ સહિત મુંબઈમાં બહુવિધ સ્થળોએ વિસ્ફોટોની ચેતવણી આપવામાં આવી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. નાગરિક નિગમ (મ્યુનિસિપલ કોર્પોરેશન)ના કેટલાક સત્તાવાર ઈ-મેઈલ આઈડી પર મોકલવામાં આવેલા આ ઈ-મેઈલના કારણે સુરક્ષા એજન્સીઓએ તપાસ શરૂ કરી છે.

બીએમસી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈ-મેઈલમાં મેયરની ઓફિસ, સીએમઓ, બીએસઈ (બોમ્બે સ્ટોક એક્સચેન્જ) બિલ્ડિંગ અને નાગરિક કચેરીઓમાં બોમ્બ બ્લાસ્ટની ચેતવણી આપવામાં આવી હતી. ઈ-મેઈલ્સમાં કથિત રીતે 'ખાલિસ્તાન નેશનલ આર્મી'નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને વિવિધ સંસ્થાઓ તેમ જ પ્રતિષ્ઠાનોને નિશાન બનાવતી ઉશ્કેરણીજનક અને શંકાસ્પદ સામગ્રી સામેલ હતી.

ત્યાર બાદ મહાનગર પાલિકા અને સુરક્ષા અધિકારીઓ તેમજ મુંબઈ પોલીસને એલર્ટ કરવામાં આવ્યા હતા. એક સમાન સામગ્રી ધરાવતા ઈ-મેઈલમાં દાવો કરવામાં આવ્યો હતો કે બપોરે ૧.૧૧ વાગ્યે મુંબઈના મેયરની ઓફિસમાં વિસ્ફોટ કરવા માટે ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) થી ભરેલી કારનો ઉપયોગ કરવામાં આવશે. તેમાં કથિત રીતે બીએસઈ બિલ્ડિંગ, સીએમઓ અને બીએમસી કચેરીઓમાં પણ નિર્દિષ્ટ સમયે બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકીઓ આપવામાં આવી હતી. પોલીસે ગુનાહિત ધમકી આપવા બદલ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૩૫૧ (૧) (બી) હેઠળ અજ્ઞાત વ્યક્તિઓ સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે, જ્યારે નાગરિક મુખ્યાલય અને મેયર રીતુ તાવડેની ઓફિસ ખાતે સુરક્ષા વધારી દેવામાં આવી છે.

નેહરુ એ નેહરુ છે, મોદી સાથે કોઈ સરખામણી જ ન થઈ શકે": શરદ પવાર

નેહરુએ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ઘણાં વર્ષો જેલમાં વિતાવ્યાં હતાં: એનસીપી (એસપી) વડા

મુંબઈ, તા. ૧૦ (પીટીઆઈ) એનસીપી (એસપી)ના વડા શરદ પવારે બુધવારે પૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નેહરુના વખાણ કરતાં કહ્યું હતું કે, રાષ્ટ્રનિર્માણમાં તેમના બલિદાન અને યોગદાનને ભૂલી શકાય નહીં,અને એમ પણ કહ્યું કે, તેમની અને પીએમ નરેન્દ્ર મોદી વચ્ચે કોઈ સરખામણી થઈ શકે નહીં.

અહીં તેમની પાર્ટીના ૨૭મા સ્થાપના દિવસ નિમિત્તે બોલતાં પવારે કહ્યું કે પીએમ મોદી સૌથી લાંબો સમય સેવા આપનારા પીએમ બન્યા છે અને એવું ચિત્ર ઊભું કરવામાં આવી રહ્યું હતું કે તેમના કદના કોઈ નેતા નથી.

પવારે કહ્યું, "રાષ્ટ્રનિર્માણ અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં નેહરુના યોગદાનને ભૂલી શકાય નહીં અને તેનું સન્માન કરવું જ જોઈએ." પૂર્વ કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, "તેમની સરખામણી અન્ય કોઈ સાથે થઈ શકે નહીં. નેહરુએ મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ઘણાં વર્ષો જેલમાં વિતાવ્યાં હતાં." પીએમ મોદી દેશના સૌથી લાંબો સમય સેવા આપનારા પીએમ બનવાનો ઉલ્લેખ કરતાં પવારે કહ્યું, "તે સારું છે. સંસદીય લોકશાહીમાં વડા પ્રધાન એક બંધારણીય પદ છે અને આપણે તેનું સન્માન કરવું જોઈએ, પરંતુ નેહરુ એ નેહરુ છે અને ભારતીયો તેમના બલિદાનને ભૂલી શકે નહીં."

પવારે કહ્યું કે, સત્તામાં બેઠેલા લોકો ખેડૂતો, શિક્ષિત બેરોજગારો અને મહિલાઓની સમસ્યાઓથી અજાણ છે. "દેશ અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે." પવારે ઉમેર્યું કે દેશની વિદેશ નીતિ પણ યોગ્ય સ્તરની નથી.